# પ્રવૃત્તિદર્શન

- ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા કાર્યરત તપોવન સંશોધન કેન્દ્રોમાં પ્રશિક્ષણ અર્થે આવતી સગર્ભા બહેનો અને એના ગર્ભસ્થ શિશુના શારીરિક વિકાસ માટે એમણે કેવો પોષણયુક્ત આહાર લેવો જોઈએ એ અંગેની ચર્ચા કરવા માટે વિવિધ કૉલેજોના હોમસાયન્સ વિભાગના અધ્યક્ષો સાથે એક બેઠક ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે દિ. ૨૮-૦૫-૧૩ ના રોજ યોજવામાં આવી હતી. આ બેઠકમાં યુનિવર્સિટીના કુલપતિ શ્રી હર્ષદ પ્ર. શાહ, રજિસ્ટ્રાર શ્રી બિપિનભાઈ ભટ્ટ, સલાહકાર સુશ્રી જ્યોતિબહેન થાનકી અને પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર શ્રીમતી તર્પણા વ્યાસ ઉપસ્થિત રહ્યાં હતાં. બેઠકમાં થયેલી ચર્ચા અનુસાર હવેથી દરેક તપોવન કેન્દ્રોમાં સગર્ભા બહેનોને નવેસરથી વિચારાયેલો એવો પોષણયુક્ત આહાર આપવાનો નિર્ણય લેવાયો હતો.



- ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના 'વિદ્યાનિકેતન' પ્રકલ્પના આગામી કાર્યક્રમોની રૂપરેખા તૈયાર કરવા અને એ અર્થે અધિકારીગણ સહિત તમામ કાર્યકર્તાઓના અભિપ્રાયો જાણવા તેમજ સામૂહિક વિચાર-વિમર્શ માટે સંસ્કારધામ, ગોધાવી ખાતે દિ. ૦૧-૦૬-૧૩ ના રોજ એક દિવસીય ચિંતનશિબિરનું આયોજન થયું હતું. શિબિરના પ્રથમ સત્રમાં કુલપતિ શ્રી હર્ષદ પ્ર. શાહ અને દ્વિતીય સત્રમાં નિયામક શ્રી ડૉ. મહેન્દ્ર ચોટલિયા દ્વારા વિદ્યાનિકેતન અંગે સૈદ્ધાંતિક અને વ્યાવહારિક સંકલ્પનાઓ રજૂ કરવામાં આવી હતી. તમામ કાર્યકર્તાઓએ બાળલક્ષી પ્રવૃત્તિઓ અને વર્તમાન શિક્ષણપ્રણાલી વિશે પોતાના મુક્ત અભિપ્રાયો અને વિચારો પ્રગટ કર્યા હતા. આ પ્રવૃત્તિઓ અને અપેક્ષિત પરિવર્તનોનો યુનિવર્સિટી સંલગ્ન વિદ્યાનિકેતનોમાં કઈ રીતે વિનિયોગ થઈ શકે એની પણ ચર્ચા થઈ હતી. શિબિરનું આયોજન અને વ્યવસ્થા મીનાબહેન રાવલે સંભાળ્યાં હતાં.



- દિ. ૦૭-૦૬-૧૩ ના રોજ સંતરામ મંદિર, નડિયાદ ખાતે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના દશમા 'તપોવન સંશોધન કેન્દ્ર' નું ઉદ્‌ઘાટન થયું. પ્રારંભે વંદના અને દીપપ્રાગટ્ય થયાં. સંત શ્રી નિર્ગુણદાસજી, સ્વામી મુદિતવદનાનંદજી, સંત શ્રી મોરારીદાસજી અને સંત શ્રી ગણેશદાસજીનાં આશીર્વચન પ્રાપ્ત થયાં. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનાં સલાહકાર સુશ્રી જ્યોતિબહેન થાનકીએ નડિયાદની આ પવિત્ર ભૂમિ પર તપોવન કેન્દ્રના ઉદ્‌ઘાટનને દિવ્ય ઘટના ગણાવી, એના દ્વારા ભવ્ય-દિવ્ય ભારતના

નિર્માણનું સ્વપ્ન સાકાર થશે એવી શ્રદ્ધા પ્રગટ કરી હતી. કુલપતિ શ્રી હર્ષદ પ્ર. શાહે આ તપોવનને સરકાર, સમાજ અને સંતોના યોગદાન અને પુરુષાર્થના ત્રિવેણીસંગમરૂપ લેખાવ્યું હતું અને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કાર્યક્ષેત્રની માહિતી આપતાં તપોવનના માધ્યમથી શ્રેષ્ઠ સંતતિના આવાહન દ્વારા શ્રેષ્ઠ મનુષ્યોના નિર્માણની વાત કરી હતી.



- મણિનગર, અમદાવાદ ખાતેની ESIS D-36 હૉસ્પિટલમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનું નવું ‘તપોવન સંશોધન કેન્દ્ર’ દિ. ૨૧ જુલાઈ ૨૦૧૩ના રોજ શરૂ થનાર છે. આ હૉસ્પિટલમાં દર મંગળવારે સગર્ભા બહેનો અને નવપરિણીત બહેનો માર્ગદર્શન અર્થે આવે છે. દિ. ૧૧-૦૬-૧૩ ના રોજ આ કાર્યક્રમમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કાર્યકર્તાઓ શ્રી વિરલ રાવલ અને શ્રી બિપિન સથવારા ઉપસ્થિત રહ્યા હતા અને યોગાસન, પ્રાણાયામ અને ચિત્રકામની પ્રવૃત્તિઓ કરાવી હતી.



- શ્રી એમ. બી. પટેલ સાર્વજનિક હૉસ્પિટલ, ઈસનપુર મોટા ખાતે દિ. ૨૧-૦૬-૧૩ ના રોજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનાં અગિયારમા ‘તપોવન સંશોધન કેન્દ્ર’નું ઉદ્‌ઘાટન થયું. એની સાથે સાથે આ જ ટ્રસ્ટ અંતર્ગત ચાલતી શેઠ શ્રી ભીખાભાઈ હાઈસ્કૂલનો ‘વિદ્યાનિકેતન’ તરીકે યુનિવર્સિટીની સંલગ્નતા પ્રાપ્ત થઈ. પ્રાર્થના, દીપપ્રાગટ્ય અને શાળાની બાલિકાઓના સ્વાગત નૃત્યથી સમારોહનો પ્રારંભ થયો. સંસ્થાના મંત્રી શ્રી રામચંદ્રભાઈ પટેલે મંચસ્થ મહાનુભાવોનો પરિચય આપી ઉપસ્થિત સૌને આવકાર્યા હતા. સુશ્રી જ્યોતિબહેન થાનકીએ તપોવન અને વિદ્યાનિકેતનને ‘આરોગ્ય મંદિર’ અને ‘વિદ્યામંદિર’ની ઉપમા આપી એના માધ્યમથી ભારતના નિર્માતાઓ તૈયાર કરવાની વાત કરી હતી. ગાંધીનગર જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. રાકેશ વૈદ્યએ ભારતીય સંસ્કૃતિને પુનર્જીવિત કરતા ‘તપોવન’ પ્રકલ્પની પ્રવૃત્તિઓને બિરદાવી હતી. સર્વોદય આરોગ્ય મંડળના પ્રમુખ શ્રી વિષ્ણુભાઈ પટેલ તેમજ ગામ અને ટ્રસ્ટના અન્ય આગેવાનોએ પોતાના ગામમાં આવું તપોવન કેન્દ્ર શરૂ થવા બદલ આનંદ પ્રગટ કર્યો હતો. ડૉ. ચંદ્રકાન્ત વ્યાસે યુનિવર્સિટીના ‘વિદ્યાનિકેતન’ પ્રકલ્પની સંકલ્પના સ્પષ્ટ કરી હતી. કુલપતિ શ્રી હર્ષદ પ્ર. શાહે આપણા પ્રાચીન ગર્ભવિજ્ઞાન અન ગર્ભસંસ્કારના શાસ્ત્રની વિસ્તૃત અને દૃષ્ટાંતસભર માહિતી આપી તપોવનની પ્રવૃત્તિઓ દ્વારા એને પુનર્જીવિત કરી શ્રેષ્ઠ સંતતિના અવતરણ દ્વારા સમાજ અને રાષ્ટ્ર માટે અપેક્ષિત વિધાયક પરિવર્તનની વાત કરી હતી.

આ કાર્યક્રમમાં આજુબાજુના ગામની સગર્ભા બહેનો સહિત કુલ ૧૫૦ જેટલી બહેનો અને ૧૦૦ જેટલા ભાઈઓ ઉપસ્થિત રહ્યા હતા.



- ગાંધીનગરના પ્રબુદ્ધ અને વિચારશીલ નાગરિકોને સમાવીને બાળ વિશ્વવિદ્યાલયે 'બાલચિંતન વૃંદ'ની રચના કરી છે. એની પ્રથમ બેઠક 'બાળ વિશ્વવિદ્યાલય'માં દિ. ૦૩-૦૬-૧૩ના રોજ યોજાઈ હતી. જેમાં ૨૫ જેટલા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. શરૂઆતમાં ઉપસ્થિત સૌએ પોતપોતાનો પરિચય આપ્યો હતો. ત્યારબાદ કુલપતિ શ્રી હર્ષદ પ્ર. શાહે 'બાલચિંતન વૃંદ'ના હેતુની સ્પષ્ટતા કરીને 'બાળ વિશ્વવિદ્યાલય' ની સંકલ્પના, પ્રવૃત્તિઓ અને કાર્યક્ષેત્ર વિશે ઉપસ્થિત સૌને અવગત કર્યા હતા. નિયામક ડૉ. મહેન્દ્ર ચોટલિયાએ ચર્ચાનો દોર સંભાળ્યો હતો અને બાળકોના સર્વાંગીણ વિકાસ માટે યુનિવર્સિટી કક્ષાએ કઈ કઈ પ્રવૃત્તિઓ કરી શકાય એ માટેના સૌના અભિપ્રાયો મેળવ્યા હતા. આગામી બેઠક દિ. ૦૩-૦૭-૧૩ના રોજ યોજાશે અને આ બેઠકમાં 'બાળક એટલે શું?' એ વિષય પર સૌ પોતાના વિચારો અભિવ્યક્ત કરશે.




- ગુજરાત વિદ્યાપીઠ ખાતે દિ. ૦૭-૦૬-૧૩ થી ૦૯-૦૬-૧૩ દરમિયાન લિબરેટીંગ લર્નિંગની સંકલ્પના આધારિત પ્રજ્ઞાનમ્ ઈન્ટરનેશનલ કોન્ફરન્સ યોજાઈ ગઈ, જેમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કાર્યકર્તાઓએ ભાગ લીધો હતો. કૉન્ફરન્સના ઉદ્‌ઘાટનમાં માનનીય શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા ઉપસ્થિત રહ્યા હતા. ત્રણ દિવસની આ કૉન્ફરન્સ દરમિયાન રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના શિક્ષણક્ષેત્રના વક્તાઓએ ઉપસ્થિત રહી મુક્ત શિક્ષણ અંગેના પોતાના વિચારો રજૂ કર્યા હતા. સાચા શિક્ષણનું મૂળ કામ તો મનુષ્યને તેનાં બધાં બંધનો અને તે બંધનોનું નિર્માણ કરવામાં જે અજ્ઞાન જવાબદાર છે, તેમાંથી મનુષ્યને મુક્ત કરવાનું છે. આવા મુક્ત માનવોના નિર્માણ માટેનું શિક્ષણ કેવું હોય તેની ચિંતા અને ચિંતન આ કૉન્ફરન્સમાં થયાં. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી તરફથી નિયામક ડૉ. મહેન્દ્ર ચોટલિયાએ 'કાર્યદક્ષતાથી પ્રજ્ઞાન તરફ' વિષય પર મનનીય વક્તવ્ય આપ્યું હતું. ઉપરાંત એમણે બે સત્રોનું સંચાલન પણ કર્યું હતું. આ કાર્યક્રમના મુખ્ય આયોજક ડૉ. અજિતસિંહ રાણા હતા. આ શિબિરમાં ૫૦૦ જેટલા શિબિરાર્થી ઉપસ્થિત રહ્યા હતા.
- આગામી દિ. ૧૬, ૧૭ નવેમ્બર, ૨૦૧૩ના દિવસોમાં દિલ્હી ખાતે 'સ્વામી વિવેકાનંદ સાર્ધ શતાબ્દી સમારોહ સમિતિ' દ્વારા એક વિશાળ નેશનલ કૉન્ફરન્સ યોજાનાર છે, જેમાં ૧૫૦ જેટલા કુલપતિશ્રીઓ અને ૧૫૦ જેટલા અન્ય શિક્ષણવિદો હાજર રહેશે. આ કૉન્ફરન્સની આયોજન સમિતિમાં કુલપતિ શ્રી હર્ષદ પ્ર. શાહ ક્રિયાશીલ છે. એમણે દિ. ૧૮ જૂનના રોજ આયોજન સમિતિની બીજી બેઠકમાં દિલ્હી ખાતે ઉપસ્થિત રહી પોતાનું યોગદાન આપ્યું.

- સમાજ - પરિવર્તનના કોઈ પણ નવા વિચારને જો સમાજના સમજુ અને અનુભવી લોકોનો સાથ-સહકાર અને હૂંફ મળે તો પરિવર્તનનો માર્ગ મોકળો બનતો હોય છે. તા. ૨૮-૦૬-૨૦૧૩ ના દિવસે ESIS-D36 મણિનગરના ભાવિ તપોવન સંશોધન કેન્દ્ર ખાતે શુભેચ્છક મંડળની પ્રથમ બેઠકનું આયોજન કરવામાં આવ્યું. જેમાં અમદાવાદના જાણીતા ડૉક્ટરો, વ્યાખ્યાતા, ESIS ના પ્રદેશ નિયામક, કાંકરિયા ઝૂના ડાયરેક્ટર, દિવાન બલ્લુભાઈ શાળાના આચાર્ય, સમાજસેવક કલાસીસના સંચાલક, ઈન્ફીનીટી ઈન્ડિયા ફાઉન્ડેશનના પ્રેસિડન્ટ તથા જાણીતા કટારલેખક તેમજ ડૉક્ટર શ્રી શરદ ઠાકર વગેરે વ્યક્તિઓએ હાજર રહી પોતપોતાની કક્ષાએથી તમામ સહકાર આપવાની ખાતરી આપી હતી. આ કાર્યક્રમમાં કુલપતિશ્રીએ તપોવન સંશોધન કેન્દ્રને પૂરક અને પોષક થાય એવા શુભેચ્છક મંડળની સંકલ્પનાની સમજૂતી આપી. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સલાહકાર સુશ્રી જયતિબહેન થાનકીએ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી તથા 'તપોવન' વિશે વિગતવાર સમજૂતી આપી હતી. ડૉ. મેઘાબહેન શાહે ઈચ્છા, ધગશ અને ઉત્સાહની મૂડી દ્વારા અનુભવી લોકોની આંગળી ઝાલી આ કાર્ય કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.
- દિ. ૨૯-૦૬-૨૦૧૩, શનિવારના દિવસે શ્રી હરદાસબાપુ સમાજ કલ્યાણ અને કેળવણી ટ્રસ્ટ દ્વારા બાપુનગર પટેલ વાડી ખાતે ગર્ભસંસ્કાર પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષસ્થાનેથી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રીએ યુનિવર્સિટીના વિવિધ પ્રકલ્પો વિશે અસરકારક રજૂઆત કરી હતી. આ કાર્યક્રમમાં જામનગરના આયુર્વેદાચાર્ય ડૉ. કરિશ્માબહેન નારવાણીએ ગર્ભસંસ્કાર વિશે વિગતવાર સમજૂતી આપી હતી. કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી વલ્લભભાઈ કાકડિયા સહિત લગભગ ૬૦૦ લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં પ્રશ્નોત્તરી પણ થઈ જેના જવાબો કુલપતિશ્રી તથા તથા ડૉ. કરિશ્માબહેને આપ્યા હતા.